અપીલ અરજી નં.૫૯ તા.૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત એચ. વરીયા
સામાવાળાઃ– ડે. કમિ. (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાની તા.૪–૨–૧૧ની અરજીથી કતારગામ ખાતે આવેલ શાળા શાંતા બા વિદ્યાલય અવધુત સોસાયટી શેરી નં.૧ ચીકુવાડીની બાજુમાં, ધનમોરાની બાજુમાં, કતારગામ ની આ સાથે ૧ થી ૧૭ મુદ્દાની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૭–૪–૧૧ ની **SMC/FAP/** નં.૫૯/૨૦૧૧–૧૨

શ્રી બળવંત એચ. વરીયાની તા.૪–૨–૧૧ની અરજીથી કતારગામ ખાતે આવેલ શાળા શાંતા બા વિદ્યાલય અવધુત સોસાયટી શેરી નં.૧ ચીકુવાડીની બાજુમાં, ધનમોરાની બાજુમાં, કતારગામ ની આ સાથે ૧ થી ૧૭ મુદ્દાની માહિતિ આપવા બાબતે આપેલ જવાબ યોગ્ય ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૯ તા.૭–૫–૧૧ થી ડે. કમિ. (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતિ અધિકારી નોર્થઝોન તથા જાહેર માહિતિ અધિકારી ફાયર વિભાગ ના પત્રો અનુસાર મુદ્દા નં.૭,૮, અને ૧૩ પુરતી અપીલ સુરત મહાનગરપાલિકાને સ્પર્શે છે. તે અંગે મળેલ માહિતિ સામે નારાજગી સ્પષ્ટ કરવા સાથે શાળાને લગતા પ્રશ્નો અંગે લાગત અપીલ અધિકારીને અપીલ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૯૦૫ તા.૧૧–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૭૧૨૧ તા.૯–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી જિલ્લાશિક્ષણ અધિકારીને તથા જાહેર માહિતી અધિકારી ફાયરને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની તા.૬–૪–૧૧ ના બે પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૬૦૨ તા.૭–૩–૧૧ ના પત્રની નકલ તથા જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી આપેલી માહિતી અંગે એફબી/એસપી/જાવક/૨૨૬૭ તા.૫–૩–૧૧ ના પત્રની નકલ તથા જિલ્લાશિક્ષણધિકારીએ શાંતાબા વિદ્યાલય કતારગામને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી પત્ર નં.એફઈએસ/જાવક/૪૨૩ તા.૧૧–૫–૧૧ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. એફબી/એસપી/જાવક/૨૨૬૭ તા.૫–૩–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદારે કતારગામઝોનના જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્રમાં તા.૯–૫–૧૧ ના રોજ રજૂઆત કરેલ પત્ર તથા તા.૯–૫–૧૧ ના રોજ નમુના–ચ માં ભરેલ પ્રથમ અપીલ અરજીનું ફોર્મ મળેલ છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી કતારગામ ખાતે આવેલ શાળા શાંતાબા વિદ્યાલય અવધુત સોસાયટી શેરી નં.૧ ચીકુવાડીની બાજુમાં, ધનમોરાની બાજુમાં, કતારગામની ૧ થી ૧૭ મુદ્દાની માહિતિ માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં અવેલ. કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૭૧૨૧ તા.૯–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી જિલ્લાશિક્ષણ અધિકારીને તથા જાહેર માહિતી અધિકારી ફાયરને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) શાળામાં શિક્ષણનુ માધ્યમ શાળા શરૂ થયાનું વર્ષ માન્યતા નકલ સાથે હાલમાં ચાલતાં ધોરણો , વધારાના વર્ગો અને તેમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યાની યાદી આપો. મુદ્દા નં.(૨) બાળકો પાસે લેવામાં આવતી ફી ની વિગત અને તે જીલ્લા શિક્ષણાધિકારી પાસે મંજુરીથી મળેલ પત્રોની નકલ આપો. મુદ્દા નં.૩ શાળામાં કામ કરતાં અધ્યાપકીય સ્ટાફની "શિડયુલ એફ" મુજબ ભરતી થયેલ છે કે કેમ? જો હા તો અધ્યાપકીય સ્ટાફની નિરીક્ષકશ્રીએ ખરાઈ કરાયેલ ડિગ્રીની યાદી તથા "ના" તો તે અંગે જીલ્લા શિક્ષણાધિકારી ધ્યારા લેવાયેલ પગલાની નકલ આપો. મુદ્દા નં.૪ અધ્યાપિકા સ્ટાફના પગાર ધોરણ અને ભથ્થાના દરની યાદી પગારો શીડયુલ બેંક/સરકારી બેક મારફત ચેક પધ્ધતિથી કરવામાં આવ્યા છે તો બેંકનું નામ શાળામાં કામ કરતાં સ્ટાફના ખાતા નંબર તથા માર્ચ–૨૦૧૦ નું છેલ્લું અધ્યાપકીય સ્ટાફ અંગે વ્યકિતગત બેંકનું નિરીક્ષક ધ્વારા પ્રમાણિત કરાયેલ સ્ટેટમેન્ટની કોપી આપો. મુદ્દા નં.૫ શિડયુલ "એફ" મુજબ કરાયેલ ભરતીની વિગત વર્તમાનપત્રમાં આપેલ જાહેર ખબરની નકલ તથા ભરતી સમયે શિક્ષકોની પસંદગીમાં જી.શિ. શ્રીના પ્રતિનિધિને હાજર રાખવામાં

આવ્યા છે કે કેમ? જો હા તો અધિકારી કર્મચારીનું નામ હોદ્દો રીપોર્ટની નકલ આપો જો ''ના' તો અધિકૃત અધિકારી ધ્વારા લેવાયેલા પગલાની માહિતી આપો. મુદ્દા નં.૬ આરોગ્ય વિષયક સગવડતા અંગે નિરીક્ષક ધ્વારા કરાયેલ રીપોર્ટની નકલ આપો. મુદ્દા નં.૭ શાળા શરૂ થયાના વર્ષથી એપ્રિલ–૨૦૧૦ સુધી ચલાવતા ધોરણો, વધારાના વર્ગોએ સમયે મંજુરી માટે દર્શાવેલ નકશો, સુરત મહાનગરપાકિા ધ્વારા મકાનનો પ્લાન મંજુર કરાવેલ છે? તેમજ રજાચિઠ્ઠીની રજૂ કરેલ નકલ વખતો વખત મંજુરી આપવા સમયે નિરીક્ષકશ્રી ધ્વારા કરાયેલ ખરાઈ અંગે મકાનના પ્લાન રજાચિઠ્ઠીની નકલ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ ઉપરોકત શાળાનું મકાન જુનું હોય સ્થાનિક સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચર એન્જીનિયરના પ્રમાણપત્રની નકલ શાળાએ કેટલી વખત મેળવેલ છે? તે અંગેની જાણ જા.શિ. કચેરીને કરી છે કે કેમ? જો હા તો કચેરીને જાણ કરાયેલ પત્રની નકલો સ્ટ્રકચર એન્જીનિયર પાસેથી મેળવેલ પ્રમાણપત્રની નકલો આપો. જો ના તો તે અંગે ની જી.શિ. કચેરી ધ્વારા લેવાયેલ પગલા અંગે તપાસ રીપોર્ટની નકલો આપો. ઉપરોકત શાળમાં કુલ ધોરણો કેટલા? તેમાં કેટલા વર્ગ વધારે છે? તેમાં વર્ગખંડો કેટલા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ વર્ગખંડ પુરતા ક્ષેત્રફળવાળા છે કે કેમ? જો હા તો નિરીક્ષકશ્રી ધ્વારા કરાયેલ સ્થળ રીપોર્ટની નકલો અધિકારી કર્મચારીનું નામ આપો અને જો ના તો શાળાને આપવામા આવેલી તે અંગેની નોટીસની નકલો તથા થયેલ કાર્યવાહીની માહિતી આપો. મુદ્દા નં.૧૦ શાળા પાસે રમત ગમત નું મેદાન પોતાનું છે કે સોસા.નું જો શાળાનું હોય તો ક્ષેત્રફળ સાથે માહિતી આપો. અને જો સાર્વજનિક હોય તો તે અંગે મેળવેલ સોસા. પાસેથી મંજુરીથી નકલ આપો. અને તે અંગે જી.શિ. કચેરી ધ્વારા સુરત શહેરી વિકાસ સત્તા મંડળને તે અંગે જાણ કરતો પત્રની નકલો આપો. મુદ્દા નં.૧૧. ઉપરોકત શાળાના સ્ટાફનો ઈ.પી.એફ નંબર છે કે કેમ? તે અંગેની નિરીક્ષકશ્રી ધ્વારા ખરાઈ કરેલ પત્રોની નકલો આપો. મુદ્દા નં.૧૨ શાળામાં ચાલતાં કોમ્પ્યુટર વર્ગની મંજુરી લેવાયેલ છે ક કેમ? જો હા તો આપવાના કારણો આપનાર અધિકારી કર્મચારીનું નામ હોદ્દા તપાસ રીપોર્ટની નકલ આપો જો ના તો તેબ ાબતે લેવાતી ફી અંગેની જી.શી. કચેરી ધ્વારા લેવાયેલ પગલાની નકલો આપો. મુદ્દા નં.૧૩ ઉપરોકત શાળામાં ફાયર સેફટીની સુવિધા છે કે કેમ? જો હા તો ફાયર અધિકારી પાસેથી યોગ્યતા અંગેનું પ્રમાણપત્રની નકલ આપો જો ના તો તે અંગે થયેલ કાર્યવાહીની નકલો આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર તરફની પત્ર નં.એફબી/એસપી/જાવક નં.૨૨૬૭ તા.૫–૩–૧૧ થી મુદ્દા નં.૧૩ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગને સ્પર્શે છે જેથી શાંતાબા વિદ્યાલય અવધૂત સોસા., શેરી નં.૧ ચીકુવાડીની બાજુમાં ધનમોરા પાસે કતારગામ ની શાળામાં સંસ્થા ધ્વારા ફાયર સેફટીની સુવિધા પૂરતા પ્રમાણમાં કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૪ ઉપરોકત શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળ ધ્વારા મુકાયેલ કલોઝડ સરકીટ કેમેરાની મંજુરીની માંગણી કરેલ છે કે કેમ? જો હા તો મંજુરી આપવાના કારણો મંજુરી આપનાર કર્મચારી અધિકારીઓના નામ સરનામા સાથે મંજુરી પત્રની નકલ આપો. જો ના તો તે બાબતે નિરીક્ષકશ્રી ધ્વારા કરાયેલ રીપોર્ટની નકલ. મુદ્દા નં.૧૫ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯/૧૦ માં અધિકૃત અધિકારી ધ્વારા કરાયેલ ઉપરોકત શાળાનું વાર્ષિક ઈન્સ્પેકશનની નકલો આપો. મુદ્દા નં.૧૬ ઉપરોકત શાળાના અધ્યાપકીય સ્ટાફએ શૈક્ષણિક તાલીમ મેળવેલી છે કે કેમ? જો હા તો મળેલ પ્રમાણપત્રની નકલો આપો અને જો ના તો તાલીમ ન લેવાના કારણોની વિગતો સાથે આપો. મુદ્દા નં.૧૭ આ શાળાની આજુ બાજુમાં કોઈ મોબાઈલ ટાવર છે કે નહી તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સ્કુલની આજુબાજુમાં કયુપો કંપનીનો મોબાઈલ ટાવર આવે છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી માંગેલ જે અંગે આજ દિન સુધી યોગ્ય જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારના મુદ્દા નં.૭,૮ અને ૧૩ અત્રેના સત્તા મંડળને લગતા હોઈ તે અંગે અપીલની કાર્યવાહી હાથ ધરી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૬૯ તા.૭–૫–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જયારે અન્ય મુદ્દાઓ અંગે અત્રેથી આરટીઆઈ સેલ/આ.નં.૫૦ તા.૧૧–૪–૧૧ થી જિલ્લાશિક્ષણધિકારીને અપીલ તબદીલ કરવામાં આવેલ. અરજદારે અપીલ તબકકે આપવામાં આવેલ જવાબ અયોગ્ય છે જવાબ આપી શકાય તેમ નથી તે બાબતનો યોગ્ય જવાબ આપવો તથા પ્લાન પાસ અને બાંધકામની રજાચિઠ્ઠી કતારગામઝોનને લગતી બાબતને લગતી નથી અને રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું તેમજ રેકર્ડ બાબતેની માહિતી ન આપી શકવાનું કારણ આપવું. તેવી અપીલની પૂરક વિગતોમાં રજૂઆત કરેલ છે. આમ અરજદારને અત્રેથી મુદ્દા નં.૭,૮, ૧૩ અને ૧૭ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે અન્ય મુદ્દાઓ માટે અરજી જિલ્લાશિક્ષાણાધિકારીને અરજી તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૭ અને ૮ બાબતે તેઓના તા.૬–૪–૧૧ ના પત્ર તેમજ અપીલના પૂરક વિગતોના તા.૯–૫–૧૧ નો પત્ર. તેમજ તા.૯–૫–૧૧ ના રોજ ભરેલ અપીલ ફોર્મમાં ક્રમાંક નં.૭ અને ૮ ના જવાબ અયોગ્ય હોય બાંધકામનો જવાબ આપી શકાય તેમ નથી તેવો જવાબ ખોટો હોવાનું જણાવી અપીલમાં કારણ દર્શાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર પ્લાન પાસ કે રજાચિઠ્ઠી અંગેના લાગત પ્લાન પાસ નોંધણી રજીસ્ટરની તપાસણી કરી ખરાઈ કરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અત્રેના સત્તા મંડળને સ્પર્શતી માહિતી પૈકી મુદ્દા નં.૭ અને ૮ બાબતે અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળના દફતરની તપાસણી હુકમ મળ્યેથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી બાંધકામ બાબતેના નોંધણી રજીસ્ટરોનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે. જયારે અન્ય મુદ્દા નં.૧૩ અને ૧૭ અંગે તકરારનું કોઈ કારણ ન હોઈ તેટલા પૂરતી અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,

(૧) ડે. કમિ. (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી બળવંત એચ. વરીયા